This Question Paper consists of 13 questions and 8 printed pages.
**આ પ્રશ્નપત્રમાં 13 પ્રશ્નો અને 8 મુદ્રિત પાનાં છે.**

**Sl. No.**

| **Roll No.** **અનુક્રમાંક** | | | | | | | | | | | | **Code No. કોડ સં.** | **58/SS/A/G** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

**SET / સેટ - A**

# GUJARATI
## (ગુજરાતી)
## (307-G)

**Day and Date of Examination :**
**(પરીક્ષાનો દિવસ અને તારીખ)**______________________________

**Signature of Invigilators :** 1. ______________________________
**(નિરીક્ષકોના હસ્તાક્ષર)** 2. ______________________________

---

**સામાન્ય સૂચના:**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.
2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.
3. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિન્હ લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.
4. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.
5. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 58 / SS /A/G–A લખવી.

# GUJARATI
# (ગુજરાતી)
# (307-G)

Time : 3 Hours] [Maximum Marks : 100

સમય : 3 કલાક] [અધિકતમ ગુણ : 100

---

નોંધઃ-

**(i)** આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.

**(ii)** ચારેય વિભાગમાંથી સૂચના પ્રમાણે ઉત્તર આપો.

**(iii)** પ્રશ્નની સામે દર્શાવેલ અંક ગુણભાર સૂચવે છે.

---

## <u>વિભાગ - 1</u>

**1)** નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવોઃ **[4]**

શીલવંત સાધુને વારે વારે નમીએ, જેના બદલે નહીં વર્તમાન રે.
ચિત્તની વૃત્તિ જેની સદાય નિરમળ, જેને મા'રાજ થયા મહેરબાન રે.
જેને શત્રુને મિત્ર એકે નહીં ઉરમાં, જેને પરમાર્થમાં પ્રીત રે.
મન વચન ને વાણીમાં ચાલે ને રૂડી પાળે એવી રીત રે.
આઠે પો'ર મન મસ્ત થઈ રેવે, જેને જાગી ગયો તૂરિયાનો તાર રે.
નામ ને રૂપ જેણે મિથ્યા કરી જાણ્યું ને સદાય ભજનનો વ્યાપાર રે.
સંગતું કરો તો તમે એવાની કરસો ને તો ઊતરશો ભવ પાર રે.
ગંગાસતી એમ બોલિયાં રે, પાનબાઈ જેને વચનુંમાં વિશ્વાસ રે.

**<u>અથવા</u>**

એક દિન મે 'તાજીએ છોકરાને પ્રશ્ન કર્યોઃ
'ઈતિહાસ વિશે પ્રશ્ન સહુથી ક્યો મોટો છે ?'
યાદ કરી છોકરાઓ પ્રશ્નનો વિચાર કરે,
કુરુક્ષેત્ર ? ટ્રોય કેરો ? ઈતિહાસ ખોટો છે.
વીજળી ને સંચા શોધ ? એ તો પ્રશ્ન છોટો છે.
નોખા ધર્મ પંથ ? એમાં ગડબડ ગોટો છે.
છેલ્લી બાંક, છેલ્લો રાંક છોકરો જવાબ દેઃ
'સા'બ, સા'બ પ્રશ્ન એક રોટલાનો મોટો છે'.

**2)** નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપોઃ **[4]**

(i) 'શામળો ઘરેણું' પદમાં મીરાંબાઈ પોતાની જાતને ક્યાં ઘરેણાંથી શણગારવાની વાત કરે છે ?

(ii) શામળશા શેઠ નાણાવટી તો દામોદર દોશી બજાજ શા માટે થયા છે ?

(iii) 'જીવો જીવસ્ય જીવનમ્' ના કયા કયા બે અર્થ થાય ?' તમે કયો અર્થ પસંદ કરો ?

(iv) 'ઘરભણી' શીર્ષક સમજાવો.

**3)** નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના એક -બે વાક્યમાં ઉત્તર આપોઃ **[2]**

(i) ત્રિકમ નામના તાળા માટે મીરાંબાઈ કઈ કૂંચી (ચાવી) કરાવવાની વાત કરે છે ?

(ii) શામળશા શેઠની સાથે કેટલા વાણોતર છે ? કયા કયા ?

(iii) 'આયુષ્યની અવધે જનમ-સ્થલની ઝાંખી કરવી' નો અર્થ સમજાવો.

(iv) 'ધપે ધરા નિત્ય પ્રવાસપંથે' નો અર્થ સમજાવો.

**4)** નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર આપોઃ **[8]**

(i) છકડો શેનું પ્રતિક છે ? છકડા સાથે રહીને ગિલ્લો કોના જેવો બની ગયો છે ?

(ii) રાણીને નવી બંદરે રવિવારે શા માટે જવાનું છે ? નવી બંદર સાથે આ નાટક 'દીકરિયું' ને શો સંબંધ છે ?

(iii) સુલતાનનાં બે સ્વભાવગત મુખ્ય લક્ષણો વર્ણવો.

(iv) 'ઢોરાં' અને 'બે પત્ર' બે માંથી કઈ લઘુકથા વધુ ચોટદાર છે ? કારણ આપો.

**5)** નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો. **[6]**

(i) છકડાની ગતિ દર્શાવતા મુખ્ય શબ્દો કયા છે ?

(ii) તમે કે તમારા કોઈ મિત્ર મોબાઈલ વાપરો છો ? તમારો કે મિત્રનો કેટલો સમય મોબાઈલ ખાઈ જાય છે ?

(iii) 'વરતી જાવ રહું છે ?' વાક્ય માન્ય ગુજરાતી ભાષામાં લખો.

(iv) 'દીકરિયું' નાટક સાથે 'બેટી બચાવો' ની ભાવના જોડાઈ શકે ? કારણ આપો.

(v) 'બે પત્ર' લઘુકથામાં 'ગગા' એવું સંબોધન કોણ કરે છે ? કોને માટે કરે છે ?

**6)** બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C), (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.(નીચેના પ્રશ્નોના ઉત્તર માટેનો યોગ્ય વિકલ્પ તમારી ઉત્તર પુસ્તિકામાં લખો) **[10]**

(i) મીરાંબાઈએ ભગવાન કરુણાનંદનું શું કરાવ્યું છે ?

(A) કાંબી (B) કૂંડી

(C) કુંડળ (D) કૂંચી

(ii) મીરાંબાઈએ ઘરેણાંની પેટીની સુરક્ષા માટે શી વ્યવસ્થા કરી છે ?

(A) ચોકિદાર રાખ્યો છે. (B) તાળું-કૂંચી રાખ્યાં છે.

(C) શ્રી હરીને એ કામ સોંપ્યું છે. (D) પેટીને ભોંયરામાં રાખી છે.

(iii) 'વાટ મુકાવવી' એ રૂઢિપ્રયોગનો નીચેનામાંથી કયો અર્થ યોગ્ય છે ?

(A) બધાને પાછા ખસેડીને રસ્તો કરી આપવો.

(B) રાહ જોવડાવવી.

(C) છેતરી જવું

(D) બધાને હરીફાઈમાં પાછળ રાખી દેવા.

(iv) 'મામેરું' ક્યારે કરવામાં આવે છે ?

(A) દીકરી પરણીને સાસરે જતી હોય તે વિદાય વેળાએ.

(B) દીકરીને બાળક જન્મવાનું હોય ત્યારે શ્રીમંત પ્રસંગે.

(C) દીકરીને ત્યાં દીકરો આવે પછી તેના જનોઈ પ્રસંગે.

(D) દીકરીના મૃત્યુ પછી તેના અગ્નિદાહના પ્રસંગે.

(v) 'મંગલ શબ્દ' કવિતામાં 'મંગલ' નો અર્થ ક્યો છે ?

(A) શુભ (B) ચેતન

(C) ઉમંગ (D) આનંદ

(vi) નીચેનામાંથી કયા વાક્યમાં છકડાની ગતિ સૌથી ઝડપી હોવાનું સમજાય છે ?

(A) છકડો પવનપંથો ઘોડો થઈ ગ્યો.

(B) છકડો પાણીપંથો પ્રાણી થઈ ગ્યો.

(C) છકડો તો ઉપડ્યા ભેગો જકાતનાકે

(D) છકડો તો રોકેટ જેમ ઊડતો જાતો હોય.

(vii) ખોડુભાને ભાવનગર જવાનું શા માટે થયું ?

(A) હટાણું કરવા માટે

(B) ભેંસને દવાખાને લઈ જવા માટે

(C) સરપંચોની મિટિંગમાં હાજર રહેવા.

(D) મુખ્યમંત્રીના કાર્યક્રમમાં ભાગ લેવા.

(viii) 'ભોમકાની માયા મેલવી.' રૂઢિપ્રયોગનો કયો અર્થ યોગ્ય છે ?

(A) અવસાન પામવું.

(B) માતૃભૂમિ સાથેનો સંબંધ છોડી દેવો.

(C) પ્રવાસે જવું.

(D) મકાન છોડીને નવું ખરીદવું.

(ix) 'દેતવાર' એટલે કયો વાર ?

(A) શનિવાર (B) રવિવાર

(C) સોમવાર (D) મંગળવાર

(x) ખારવા માછીમારોને શાર્ક તથા વ્હેલ માછલીઓને ન પકડવાનું તથા ન મારવાનું રાણી શા માટે સમજાવી શકી ?

(A) કારણ કે તે સરપંચ છે.

(B) કારણ કે તે સૌ ખારવાઓમાં જાણીતી છે.

(C) કારણ કે તે શાર્ક તથા વ્હેલની વેદનાને હૃદયસ્પર્શી શબ્દોમાં રજૂ કરી શકી.

(D) કારણ કે તેની દલીલો જોરદાર હતી.

## <u>વિભાગ - 2</u>

**7)** નીચે આપેલા ફકરાનું એક તૃતીયાંશ સંક્ષેપીકરણ કરો. **[10]**

વાંદરાઓ અને એમની ટોળી માટે લીમડો ઝૂલવા-કૂદવાનું સ્થાન તો કાગડા માટે એ માળા બનાવવાનું ઠેકાણું, કોયલ પણ લીમડામાં ક્યાંક છુપાઈને ટહુકતી હોય. કાગડા લીમડા પર માળા બાંધે અને ઈંડાં મૂકે. કોયલ પણ છાનીમાની આવીને કાગડાના માળામાં પોતાનાં ઈંડાં મૂકી જાય. ઉનાળાની વહેલી સવારે હજી તો રાતની ઠંડક ઓસરી ન હોય, ઠંડા ઠંડા પવનમાં આપણે મીઠી નીંદર માણી રહ્યા હોઈએ, આછો આછો ઉજાસ પૂર્વાકાશમાં સૂર્યદેવની સવારી આવી રહ્યાનાં વધામણાં આપ તો હોય એવે સમયે સૌથી વહેલી કોયલો કૂઊઊઊઊ કરતી કૂજી ઊઠે. કોઈક કોઈક કાગડાના કા..કા..કા.. એવા અવાજો સંભળાય. આપણને થાય કે આ કોયલો અને કાગડા આટલાં વહેલાં શા માટે ઊઠતાં હશે ?

**<u>અથવા</u>**

એક મોટી નદીમાં એક માછલી રહેતી હતી. પાણીમાં તરતાં તરતાં તે નદીની બહાર તરફ જોતી. કિનારા પર અનેક જાનવરો આવે, પાણી પીએ. જ્યાં ફરવું હોય ત્યાં ફરે. માણસોના હરવા ફરવા ઉપર તો કશું નિયંત્રણ જ નહીં. આકાશમાં ઊડતાં પંખીઓ તો વળી સાવ સ્વતંત્ર જ્યાં ઊડવું હોય ત્યાં ઊડે. જે ઝાડની ડાળી પર બેસવું હોય ત્યાં બેસે. નદીએ આવી, પાણી પી, છબછબિયાં કરી ઊડી જાય. આ માછલીને વિચાર આવ્યો કે આવી હરવાફરવાની સ્વતંત્રતા મને કેમ નથી ? મારે આખો વખત બસ પાણીમાં જ રહેવાનું ? આવું બંધન મારે શા માટે સ્વીકારવું જોઈએ ? લાંબો વિચાર કરીને એક દિવસ એ નદીમાંથી કૂદીને રેતી ઉપર આવી ગઈ. પણ પછી તો જે થવાનું હતું તે જ થયું. થોડીવારમાં તે શ્વાસ બંધ થતાં તરફડીને મરી ગઈ.

## <u>વિભાગ - 3</u>

**8)** નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ઉત્તર આપો. **[16]**

(i) બહારનું બધું ખાવાનું કચરો હોય છે તેવી માન્યતાને કારણે લેખકને શા લાભ અને કયા ગેરલાભ થયા ?

(ii) પ્રમોદબાએ કઈ કઈ વાતનો એકરાર અને અફસોસ વ્યક્ત કરેલો ?

(iii) કરકસરથી વ્યક્તિ, કુટુંબ અને દેશને શા લાભ થાય તેની વિગતો આપો.

(iv) બાળકોને મહત્ત્વકાંક્ષી બનાવવાને બદલે વ્યવહારુ શા માટે બનાવવાં જોઈએ ?

(v) બેનો અને દીકરીઓને જે કંઈ અપાય છે તે દાન-પુણ્ય માટે હોય છે અથવા સામાજિક ફરજ છે તેવો ભાવ મહિલા સન્માન માટે ઘાતક ગણાય ? શા માટે.

(vi) 'દીવો ના બૂઝે' માંથી તમને શો બોધ મળ્યો ?

**9)** નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો. **[6]**

(i) લેખકે શા કારણે સાદાઈથી લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂકેલો ?

(ii) મામા અંત સમયે શા કારણે ખૂબ રિબાયા ?

(iii) ભારતીય સમાજમાં વહુઓને સાસરામાં માનભર્યું સ્થાન ભાગ્યે જ મળે છે. એવું શા માટે છે ?

(iv) ઈન્દિરા ગાંધી જીવ્યાં ત્યાં સુધી બા કોંગ્રેસને મત આપવા શા કારણે ન ગયાં ?

(v) સ્ત્રીનું માનવ સંસ્કૃતિના વિકાસમાં શા માટે મોટું યોગદાન રહ્યું છે ?

**10)** બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો (A), (B), (C) ,(D) માંથી જે ઉત્તર પસંદ કરો તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો. (નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી અલગ આપેલી ઉત્તરપુસ્તિકામાં લખો.) **[10]**

(i) પ્રમોદબાના પિતાજી માટે લેખક શું માને છે ?

(A) એ શ્રી અરવિંદના સૌથી મોટા ભક્ત હતા.

(B) એ પ્રેમાળ પિતા હતા.

(C) એ તદન બે જવાબદાર પિતા હતા.

(D) એ ત્યાગી હતા.

(ii) પિક્ચર અને નાટક જોવા વિશે લેખકના મનમાં કઈ માન્યતા દઢ હતી ?

(A) સારા છોકરાઓ પિક્ચરો ન જુએ

(B) ક્યારેક પિક્ચર જોઈને તેની નકલ કરવી

(C) પિક્ચર જોવાં પણ તેની નકલ ન કરવી

(D) સસ્તા ભાવની ટિકિટ ખરીદીને પિક્ચર જોવા કરતાં, ન જોવાં

(iii) 'ભગીરથ કામ કરવું' એટલે કેવું કામ કરવું ?

(A) નર્મદા નદી ઉપર બંધ બાંધવા જેવું કામ કરવું.

(B) યમુનાને સ્વચ્છ કરવા જેવું કામ કરવું.

(C) ગોદાવરી નદી પર પુલ બાંધવા જેવું કામ કરવું.

(D) ગંગા નદીને આ પૃથ્વી પર લાવવા જેવું અઘરું કામ કરવું.

(iv) આભડછેટ અને એઠા-જૂઠાની માન્યતા સમાજે સમાજે શા કારણે અલગ હોય છે ?

(A) કારણ કે દરેક સમાજ અલગ ભાષા બોલતો હોય છે.

(B) કારણ કે દરેક સમાજની અલગ સામાજિક પરંપરા હોય છે.

(C) કારણ કે દરેક સમાજ અલગ પ્રદેશમાં રહેતો હોય છે.

(D) કારણ કે દરેક સમાજના આગેવાન અલગ હોય છે.

(v) ઘરનાં ક્યાં વડીલો બા સાથે રહી શક્યાં નહી ?

(A) મામા અને મામી (B) કાકા-કાકી

(C) માસા-માસી (D) સાસુ-સસરા

(vi) મામાની ઉદારતા અને ઉડાઉપણાનું શું પરિણામ આવ્યું ?

(A) બધી વડીલોપાર્જિત મિલકત વપરાઈ ગઈ.

(B) પોતે લાખો કમાયા પણ બધા ખરચાઈ ગયા.

(C) પોતે મિત્રો વિનાના થઈ ગયા.

(D) કુટુંબીજનોએ તેમને છોડી દીધા.

(vii) 'એકાંતરે' આવવું એટલે કેવી રીતે આવવું ?

(A) દર ચોથા દિવસે આવવું.

(B) દર પાંચમા દિવસે આવવું.

(C) અઠવાડિયામાં એકવાર આવવું.

(D) એક દિવસ આવવું, એક દિવસ ન આવવું.

(viii) 'પ્રમોદબાને દીકરા-દીકરીની કંપનીનું વ્યસન થઈ ગયું'- ત્યાં વ્યસન એટલે શું ?

(A) માદક પદાર્થની ટેવ પડવી.

(B) વિશેષ આવશ્યકતા થવી.

(C) અનિવાર્ય બનવું.

(D) જરૂર ન હોય છતાં તેના વિના ચાલે નહીં તેવી ટેવ પડવી.

(ix) 'સત્તા અને સ્વતંત્રતા' પોતે જાતે જ શા કારણે મેળવી લેવી પડે છે ?

(A) આ જગતની એવી પરંપરા છે.

(B) કારણ કે એ બન્ને સામેથી કોઈને આપવાનું ગમતું નથી.

(C) સત્તા અને સ્વતંત્રતા બહુ ખતરનાક છે.

(D) એ બંનેનો નશો હોય છે.

(x) સોગઠાં બાજીની રમતમાં 'ગાંડીયું કાઢવું' એટલે શું ?
   (A) પોતાનું સોગઠું ગમે તેમ ચલાવવું
   (B) પોતાનું સોગઠું ચલાવવું જ નહી
   (C) પોતાનું સોગઠું ઊંધી દિશામાં ચલાવવું
   (D) સોગઠાબાજી રમવાનું બંધ કરવું

## વિભાગ - 4

**11)** નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ચારસો શબ્દોમાં નિબંધ લખોઃ **[7]**

(1) પાણી બચાવો, પાણી તમને બચાવશે.
(2) સ્ત્રી-કેળવણી
(3) સ્વતંત્ર પ્રકૃતિ તમામ, એક માનવી જ કાં ગુલામ ?
(4) મીશન-મંગળ

**12)** ભારતના સૌથી લાંબા ૯.૧૫ કિ.મી.ના ઢોલા-સાદિયા પુલના ફાયદા વિશે એક અહેવાલ તૈયાર કરો.**[7]**

અથવા

દર મહિનાના પહેલા રવિવારે યોજાતી પુસ્તક-પરબનો અહેવાલ તૈયાર કરો.

**13)** સૂચના પ્રમાણે ઉત્તર આપો.

(1) 'સ્વતંત્ર પ્રકૃતિ તમામ'(પંક્તિમાંથી અંગ સાધક પ્રત્યય ઓળખાવો) **[1]**

(2) સ્ત્રીકેળવણી, પુસ્તક-પરબ, પ્રકાશઘોઘ.(ગમે તે બે સમાસ ઓળખાવો) **[2]**

(3) બે છેડા ભેગા કરીને જીવવું (રૂઢિપ્રયોગનો અર્થ સમજાવો) **[1]**

(4) કરકસરના સારાં પરિણામ પણ આવ્યા.(વિભક્તિ પ્રત્યય ઓળખાવો) **[1]**

(5) માંગલ્યની ભાવના સનાતન અને સાર્વત્રિક છે.(સંયોજક ઓળખાવો) **[1]**

(6) ભોમકાની માયા મેલી મેલાતી નથી.(વાક્ય કર્તરિ છે કે કર્મણિ રચના?) **[1]**

(7) જો હાંભરો મારા ભાયું, વાત્ય હમજો. (વાક્યમાં ક્રિયા સૂચવાય છે કે પ્રક્રિયા ?) **[1]**

(8) દીકરીયુંને ગમે એટલા રૂપિયા હારું કોઈ મારે ? (વાક્યનો પ્રકાર જણવો) **[1]**

(9) હું કાલે સાંજે પાછી આવવાની છું.(વાકયમાંથી ક્રિયા વિશેષણ ઓળખાવો) **[1]**

♦♦♦♦